
# વહેતી ક્ષણ સમયની...!

જીવન સરગમ
બિન્દુબેન કચરા

સમય શું છે? કોઈથી કદી પકડાય નહીં, નયનોથી દેખાય નહીં એવો સમય છે. વહેતો સમય સંજોગો બદલે ને માણસ પણ બદલાઈ જાય. ખળખળ વહેતી સરિતાની જેમ સમય વહેતો રહે છે. આ સરિતાને તો બંધ બાંધી રોકી શકાય છે. વળી સરિતાને ઉગમ સ્થાને વિલિન સ્થાન સાગર છે પણ વહેતા સમયને કોઈ બાંધી શકતું નથી. એને ન આદિ અને અંત છે. ‘સમય સમય બળવાન હૈ-નહીં મનુષ્ય બળવાન’



> **મનુષ્ય માત્ર સમયનું સંતાન છે. તે સમય સાથે જન્મે છે, સમય સાથે જીવે છે અને સમય સાથે મૃત્યુ પામે છે. ભગવાને સૌને એક બાબતમાં સરખી જ વહેંચણી કરી છે અને તે વહેંચણી છે સમયની. ઇશ્વર તરફથી 24 કલાકનો સમય સૌને મળી જાય છે**

મનુષ્ય માત્ર સમયનું સંતાન છે. તે સમય સાથે જન્મે છે, સમય સાથે જીવે છે અને સમય સાથે મૃત્યુ પામે છે. આપણને ખબર નથી કે આપણે જેમ પળે પળે જીવી રહ્યા છીએ તેમ ક્ષણે ક્ષણે મરી રહ્યા છીએ. સમયનો સદુપયોગ કરવાનો વિચાર સમગ્ર ચૈતન્ય સૃષ્ટિમાં મનુષ્યને જ આવે છે.

જે માનવી સમયને ઓળખે છે, એની સાથે સાથે ચાલે છે તે જીવનમાં આગળ વધે છે. પ્રગતિનાં સોપાન ચડે છે પણ ગુમાનમાં રહીને સમયને વેડફે છે તે પાછળ રહી જાય છે. જે માણસો તરંગી રીતે જીવે છે તેઓ હંમેશ ફરિયાદ કરતાં હોય છે મને તો સમય જ મળતો નથી પરંતુ જે વિચારીને આયોજન કરે છે એના માટે સમય જ સમય છે. જે માણસ સમયને સાચવી જાણે છે, સમયસર પોતાનું કામ કરે છે એ માણસ ચિંતા ને તાણ વિના આરામથી જીવે છે.

કે. વિયોન્સ નામના વિદ્વાન કહે છે, ગઈકાલ કેન્સલ થયેલો ચેક છે. આવતીકાલ પ્રોમિસરી નોટ છે. આજ એ રોકડ રકમ છે એને શાણપણથી વાપરો.’ આપણી મર્યાદા એ છે કે આપણે ભૂતકાળના વૈભવનો બૂંગિયો ઢોલ જોર જોરથી વગાડીએ છીએ અને ભવિષ્યની કારણ વિના ચિંતા કરીએ છીએ. આપણે વર્તમાનમાં જીવવાનું જાણતાં નથી. જીવનના પ્રત્યેક વ્યવહારમાં જાગૃતિપૂર્વક સમયનો સદુપયોગ કરવો જોઈએ.

જે લોકો સમય સાથે તાલ મેળવવામાં નિષ્ફળ નીવડે છે તેમનું જીવનસંગીત ક્યારેય મધુર બનતું નથી.

કવિ પ્રેમાનંદ વિશે એક એવી કિવદન્તી પ્રચલિત છે કે તેઓ એક સાધુના ચમત્કારી આશીર્વાદની કવિશક્તિ પ્રાપ્ત કરી શકતા હતા. એમના ગામના મંદિરમાં એક રાત માટે ઊતરેલા આ સાધુએ પ્રેમાનંદને બીજા દિવસે સવારે પાંચ વાગે મળવા બોલાવ્યા હતા પણ પ્રેમાનંદ મોડા પડ્યા અને સમય થતાં સાધુ ચાલ્યા ગયા. પ્રેમાનંદ તેમની પાછળ માઈલ- બે માઈલ દોડ્યા અને તેમને પકડી પાડ્યા. સાધુએ એમને આશીર્વાદ તો આપ્યા પણ ટકોર કરી કે- ‘‘જો તું સમયસર આવ્યો હોત તો હું તને સંસ્કૃતનો મહા કવિ બનાવત પણ તું સમય ચૂકયો માટે તને ગુજરાતી સાહિત્યનો મહાકવિ બનાવું છું.’’ આમ દરેક ક્ષણ એક તક બનીને આવતી હોય છે. સાહિત્યકાર મોહમ્મદ માંકડ જણાવે છે કે સમયની મૂડી દરેક પાસે સરખી જ છે પણ તે ખર્ચવામાં તફાવત છે. ઉદ્યમી માટે વર્તમાન એ સુખદ ભવિષ્યનો પાયો છે. જ્યારે આળસુ માટે એ ભવિષ્યની કબર છે. સમય તો કાચું સોનું છે. થોડાક દાયકા પહેલાં આવો ય જમાનો હતો જયારે બધાંને સમય જ સમય હતો અને આજે? આજે એવો જમાનો છે કે એકે એક જણ બોલતું સંભળાય છે કે સમય જ કયાં છે? તો આ સમયની સંકડાશ આવી કયાંથી? સવારથી રાત સુધી કોઈને ફુરસદ જ નથી. દિવસના ચોવીસ કલાક પણ ઓછા પડે છે.

મારી બાજુમાં રહેતાં રમામાસી એકલાં જ રહે, મન થાય દીકરી જોડે વાત કરવાનું. સવારે ફોન જોડે તો નોકર જવાબ આપે ભાભી તો યોગા કરવા ગયાં છે. મેસેજ મૂકું પણ મારી વાહલી કયારેય વળતો ફોન કરે નહિ. સાંજે ફોન જોડે તો કહે વોક કરવા ગયાં છે અને ત્યાંથી હેલ્થ કલબમાં જશે. બપોરે ફોન જોડ્યો તો કહે કિટી પાર્ટીમાં ગયાં છે.

આજકાલની ગૃહિણીઓ હેલ્થ કલબ, યોગ વગેરેના કલાસ ભરવામાં ખૂબ રસ ધરાવે છે. આવા રસના વિષયો માટે રૂપાની પાસે પણ ખૂબ સમય છે. રૂપાને ઘરના કામ કરવા, પરિવારની સેવા-શુશ્રૂષા કરવા, બાળકોને ભણાવવા, કોઈને માટે સેવાનાં કામ કરવા માટે સમય નથી. ખુદ પોતાની મમ્મી માટે પણ સમય નથી.

કેટલાય માનવી પોતાની આખી જિંદગી નવરા બેસીને સમય પસાર કરે છે. કેટલાંક એકબીજાની નિંદામાં, વાતોમાં સમય વેડફે છે. કેટલાંક આખો દિવસ ટી.વી., મોબાઈલ જોવામાં, કલબમાં કે પબમાં દારૂ પીવામાં અને નાચગાનમાં પોતાનું મહામૂલું જીવન વેડફી નાંખે છે. માણસની જિંદગી પૂરી થવા આવે છે ત્યારે એને સમજાય છે કે સમય તો ચાલ્યો ગયો, હાથમાં શું બચ્યું? નીરસ જીવનનો ફકત એક ટુકડો!

કેટલીક વ્યક્તિઓ પાસે પુષ્કળ સમય હોય છે તેમને How to kill time સમય કેવી રીતે પસાર કરવો એ પ્રશ્ન હોય છે. મોટાભાગની વ્યક્તિઓને સમયનું મહત્ત્વ હોતું નથી. તેઓ યાંત્રિકતાથી દરેક પ્રવૃત્તિ કરે છે પણ પ્રગતિ નથી કરતા.

હોમરૂલની ચળવળ વખતે એની બેસન્ટે ગાંધીજીને પત્ર લખ્યો. મારે તમારી જોડે ચર્ચા કરવાની છે. તમને ફુરસદ કયારે મળશે? ઉત્તર આપતાં ગાંધીજીએ લખ્યું કે ‘‘તમે ઈચ્છો ત્યારે હું સમય કાઢીશ!’’ જે માણસ પ્રવૃત્તિ કરે છે તેને સમય મળે જ છે. સમય તો દરેક પાસે હોય જ છે. ભગવાને સૌને એક બાબતમાં સરખી જ વહેંચણી કરી છે અને તે વહેંચણી છે સમયની. ઈશ્વર તરફથી 24 કલાકનો સમય સૌને મળી જાય છે.

તમારી એક મિનિટની આળસ તમને માઈલો દૂર ફેંકી શકે છે. લાખ રૂપિયાનો સવાલ એ છે કે આ ક્ષણોનો તમે શી રીતે ઉપયોગ કરો છો. સમયનું મહત્ત્વ અને જીવન, જિંદગીનો હેતુ પણ તેમાં સમાય છે કારણ કે જયારે હોસ્પિટલના બેડ પર છેલ્લા શ્વાસ ઘૂંટાતા હશે, કાર્ડિયોગ્રામના વાંકાચૂકા લીસોટા સીધા લીટી થવા માંડશે અને પલ્સ હાથમાંથી જતી રહેશે ત્યારે આ ગુમાવેલી ક્ષણોની કિંમત સમજાશે. લાઈફની વેલ્યુ માલૂમ પડશે અને ક્ષણ, બે ક્ષણની જિંદગી મેળવવા માટે આપણે ડૉકટર સાહેબને બ્લેન્ક ચેક આપવા તૈયાર થઈ જઈશું.

વાચકમિત્રો..! સમયનો સદુપયોગ કરો, તકને ઝડપો. સારાં કાર્યો કરી જીવન દીપાવો. વીતી ગયેલો સમય પાછો મળવાનો નથી. આજના સ્પર્ધાત્મક યુગમાં તમે જો આવતી કાલનું કામ આજે જ પતાવશો તો જ આગળ વધી શકશો અને દરેક કામ એ રીતે કરવું કે આજનો દિવસ તમારી જિંદગીનો આખરી દિવસ છે તો જ તમે વહેલા ‘માળવે’ પહોંચી શકશો. ટાઈમ ઈઝ મની બોલનારા આપણે આખી જિંદગીનો ટાઈમ મની પાછળ જ પૂરો કરીએ છીએ. સમયનું આયોજન કરો. સમયના આયોજનનો અભાવ એ બીજું કંઈ નથી પણ નિષ્ફળતાનું આયોજન છે.

## સુવર્ણરજ

‘સરકી જાયે પલ..
કાળ તણું જાણે કે એ તો
વરસે ઝરમર જલ
ઝાલો ત્યાં તો છટકે એવી
નાજુક ને ચંચળ!’

